# વદાન્યતા

## અમી બંસલ દ્વારા લિખિત વ્યાખ્યા

શ્રીગુરુમાઈએ બધાંને જન્મદિવસની એક સુંદર ભેટ પ્રદાન કરી છે. મને બહુ ખુશી થાય છે કે ગુરુમાઈજીએ તેમના જન્મદિવસ, ૨૪ જૂન, ૨૦૨૧ના સન્માનમાં તેમના તરફથી બધાંને ભેટસ્વરૂપ જે સદ્‌ગુણ પ્રદાન કર્યો છે, તેના પર વ્યાખ્યા લખવાની સેવા મને મળી છે.

## વદાન્યતા

જ્યારે પણ મારી સામે કોઈ નવો શબ્દ આવે છે, વિશેષતઃ ત્યારે, જ્યારે તે ગુરુમાઈજી તરફથી એક ભેટ હોય તો સૌથી પહેલાં મને જે કરવું ગમે છે તે છે, એ શબ્દનું મોટેથી ઉચ્ચારણ કરવું. તે એવું જ છે જાણે ગુરુમાઈજીનો પ્રસાદ ગ્રહણ કરવો અને તેમનાં પ્રસાદનું મંત્રરૂપે રસાસ્વાદન કરવું. તેથી, હું તમને પણ એવું જ કરવા માટે આમંત્રિત કરું છું. આ શબ્દને વાંચો, તમારા મનમાં તેનું બરાબર ઉચ્ચારણ કરો, અક્ષરોની સુંદરતાનો આનંદ માણો, ઉદાહરણ તરીકે, જ્યારે આપણે આ શબ્દને રોમન લિપિમાં લખીએ છીએ, તો તેમાં ‘a’ સ્વર (‘અ’ સ્વર) ઘણીવાર આવે છે : *va-dānya-tā* **(va-daanya-taa)**. તે કંઈક એવું લાગે છે જાણે ‘‘આઽઽઽઽઽહ’’ બોલી રહ્યાં હોઈએ, જાણે શ્વાસ મુક્ત થઈ રહ્યો હોય. હવે થોડીવાર માટે વારંવાર આ શબ્દનું ઉચ્ચારણ કરો.

જ્યારે ગુરુમાઈજી આપણને કંઈક કહે છે ત્યારે આપણે આપણા હૃદયમાં, આપણી સત્તામાં એક અલૌકિક ગુંજનની અનુભૂતિ કરીએ છીએ. તે અવર્ણનીય હોય છે. એટલા માટે જ, ગુરુમાઈજીએ આપણને ભેટસ્વરૂપ જે સદ્‌ગુણ પ્રદાન કર્યો છે, જ્યારે આપણે તેનું મોટેથી ઉચ્ચારણ કરીએ છીએ ત્યારે તેનાથી એક વિશિષ્ટ ભાવ, એક અંતર-સ્થિતિ જાગ્રત થાય છે, એક સુપરિચિત છતાં અનોખી લાગણી જાગે છે જેમાં દિવ્ય પ્રેરણા સમાહિત હોય છે. તો, ફરી એકવાર, આ શબ્દનું વારંવાર મોટેથી ઉચ્ચારણ કરો અથવા જો તમે ઇચ્છો તો મનમાં ને મનમાં પણ તેનું ઉચ્ચારણ કરી શકો છો :

**વદાન્યતા**

જ્યારે તમે આ શબ્દનું વારંવાર ઉચ્ચારણ કરો ત્યારે તેને તમારા શરીરના દરેક કોષાણુમાં સ્પંદિત થવા દો. બસ તેનો આનંદ માણો. તેનું રસાસ્વાદન કરો. તેની સુંદરતાને તમારી સત્તામાં વ્યાપ્ત થવા દો.

'વદાન્યતા'નો આ સદ્‌ગુણ ગહન અર્થોથી સમૃદ્ધ છે. બીજી કોઈ ભાષાનો એકપણ શબ્દ સચોટરીતે 'વદાન્યતા'ના અર્થને તેમજ એ બધાં ગુણોને વ્યક્ત નહીં કરી શકે જે તેની અંદર સમાહિત છે અને જેને તે જગાવે છે.

એટલા માટે, હું અહીં તેના બહુસ્તરીય અર્થો અને બહુરંગીય સંકેતો પર પ્રકાશ પાડીશ, જેથી તમે તેના સારને સમજી શકો, તેની ઉત્કૃષ્ટતાની પ્રશંસા કરી શકો અને તેને તમારી સિદ્ધયોગ સાધનામાં લાગુ કરી શકો.

આવો શરૂ કરીએ. 'વદાન્યતા'ની વ્યુત્પત્તિ સંસ્કૃત ભાષાની બે મૂળ ધાતુથી થઈ શકે છે : 'વદ્' અર્થાત્ ''બોલવું'' અથવા ''વ્યક્ત કરવું'', અને 'દા' અર્થાત્ ''આપવું''. આ વ્યુત્પત્તિમાં અનેક અર્થોની શૃંખલા નિહિત છે, જેમાં સમાવિષ્ટ છે ઉદારતા, ભલાઈ અને પરોપકારિતા; મિત્રતા અને સૌજન્યતા; તેમજ વાકપટુતા અને ભદ્રતાથી બોલવું.

ચાલો, હવે આપણે વદાન્યતાના આ વિભિન્ન રસને અને દરેકના જીવનમાં તે કેવી રીતે લાગુ થાય છે તેના પર નજર કરીએ.

**વદાન્યતા છે, ઉદારતા, ભલાઈ અને પરોપકારિતા.**

વદાન્યતા દર્શાવતી વ્યક્તિમાં સારપની ચમક સૂર્યપ્રકાશના એ કિરણ જેવી હોય છે જે ઘનઘોર જંગલના અંધકારને પ્રકાશિત કરી દે છે. જે લોકોના હૃદય સારપથી ભરેલા હોય છે, તે સ્વાભાવિકપણે એકબીજાની સંભાળ લેવામાં અને ધ્યાન રાખવામાં માને છે. તેમને ઉદારશીલતાના એ ચક્રમાં શ્રદ્ધા હોય છે, જેને લીધે એક સત્કર્મથી બીજું સત્કર્મ પ્રેરિત થાય છે અને તરંગોની જેમ એવો પ્રભાવ ઉત્પન્ન થાય છે જેનાથી બીજાં લોકો પણ વિચારશીલ અને સંવેદનશીલ બનવા માટે પ્રોત્સાહિત થાય છે. તેમની ઉદારતા સ્વાર્થરહિત હોય છે કારણકે તેઓ સાચા દિલથી એવા સુઅવસરોની શોધમાં રહે છે કે તેઓ આ સંસારને પોતાનું સર્વશ્રેષ્ઠ યોગદાન અર્પિત કરે. આવી વ્યક્તિ હૃદયના સદ્‌ગુણોનું, જેના વિશે ગુરુમાઈજી શીખવે છે એ દિવ્ય સદ્‌ગુણોનું પરિપાલન કરવા માટે સમર્પિત હોય છે, અને તેમના આ સમર્પણભાવમાંથી તેમની ભલાઈ ઉદિત થાય છે. અને તેમની પરોપકારિતાનો આધાર એ જ્ઞાનમાં છે કે આ બ્રહ્માંડમાં દરેક વસ્તુ 'એક' જ તત્ત્વ છે; તેથી જ તેઓ એ સમજ સાથે કાર્ય કરે છે કે જ્યારે કોઈ વ્યક્તિ બીજાંઓની મદદ કરે છે ત્યારે તે પોતાની પણ મદદ કરે છે. તેમના અર્પણમાં કોઈ ખચકાટ નથી હોતો અને તેમના પરોપકારમાં કોઈ ગુપ્ત હેતુ નથી હોતો. આવાં લોકોના સદ્‌ગુણોની તુલના માત્ર પ્રકૃતિની અગાધ પ્રચુરતા સાથે જ કરી શકાય છે.

એક સુપ્રસિદ્ધ સંસ્કૃત સુભાષિત, વદાન્યતાના સદ્‌ગુણનું આ ચિત્ર રજૂ કરે છે :

**ધત્તે ભરં કુસુમપત્રફલાવલીનાં મર્મવ્યથાં સ્પૃશતિ શીતભવાં રુજં ચ ।**
**યો દેહમર્પયતિ ચાન્યસુખસ્ય હેતોસ્તસ્મૈ વદાન્યગુરવે તરવે નમોઽસ્તુ ।।૯૪।।**

હું એ વદાન્યતાપૂર્ણ મહાન વૃક્ષને નમન કરું છું,
જે પાંદડાં, ફળો અને ફૂલોથી લદાયેલી
તેની ડાળીઓનો ભાર ઉઠાવે છે.
પોતાની ડાળીઓ પ્રદાન કરીને તે પીડા સહન કરે છે
અને તીવ્ર ઠંડીમાં પણ દૃઢતાથી ઊભું રહે છે,
અને આ રીતે બીજાંઓનાં સુખ માટે
તે પોતાનું સર્વસ્વ અર્પિત કરી દે છે.[૧]

***

**વદાન્યતા છે, મિત્રતા અને સૌજન્યતા.**

જે લોકો વદાન્યતાના મૂર્તરૂપ હોય છે, મિત્રતા અને સૌજન્યતા તેમના સ્વભાવમાં હોય છે. તેઓ સ્નેહાળ, સત્કારશીલ અને કોઈની પણ વાતને ખૂબ ધ્યાનથી સાંભળવા માટે તત્પર રહે છે. મિત્ર તરીકે તેઓ પ્રેમાળ હોય છે અને તેમની ઉપસ્થિતિમાં સહજતા અને સ્વયંસ્ફૂર્તતા મહસૂસ થાય છે.

તેમની રચના ‘નીતિશતકમ્’માં ઋષિ ભર્તૃહરિ કહે છે :

**તન્મિત્રમાપદિ સુખે ચ સમક્રિયં યત્**

મિત્ર એ હોય છે જે દુઃખના સમયમાં અને સુખના સમયમાં,
બંનેમાં સાથે રહે છે.[૨]

એક સારો મિત્ર એ હોય છે જેની સ્થિર ઉપસ્થિતિ અને માર્ગદર્શન તમને આપત્તિના સમયે તાકાત આપે છે અને જે ખુશીના સમયે તમારા આનંદમાં વૃદ્ધિ કરે છે.

સંસ્કૃત શબ્દ ‘મિત્ર’, સૂર્યદેવતાનું પણ એક નામ છે. આ પૃથ્વી ગ્રહ પર, પ્રકાશ અને ઓજના સ્રોત રૂપે સૂર્ય દરરોજ સવારે અચૂકપણે બધાં જીવોને જગાવે છે તેમજ જીવવા માટે, શ્વાસ લેવા અને વિકસિત થવા માટે તેમને પોકારે છે. આ બ્રહ્માંડના એક મિત્રરૂપે સૂર્ય, સંપૂર્ણ સૃષ્ટિ પર નજર રાખે છે તથા પૃથ્વી અને ગ્રહ-નક્ષત્રોને પણ પોષિત કરે છે. ભલે તે પશુ હોય કે પક્ષી, મનુષ્ય હોય કે વૃક્ષો, નદીઓ હોય, પર્વતો હોય કે સાગર — સૂર્ય બધાંનો સમાનરૂપે મિત્ર છે.

***

**વદાન્યતા છે, વાકપટુતા અને ભદ્રતાથી બોલવું.**

શબ્દો — ભલે તેને બોલવામાં આવે, લખવામાં આવે અથવા વિચારો દ્વારા તેનો અનુભવ કરવામાં આવે — એ આપણી પાસે સ્વયંને વ્યક્ત કરવાની મુખ્ય રીત છે. આપણા શબ્દોનો આપણા જીવન પર, આપણા ભાગ્ય પર અને આપણા પ્રિયજનો પર સ્થાયી પ્રભાવ પડે છે — શબ્દોથી વાત સુધરી શકે છે અથવા બગડી શકે છે, શબ્દો કોઈને પ્રોત્સાહિત કરી શકે છે અથવા નિરાશ પણ કરી શકે છે. વદાન્યતાનો સદ્‌ગુણ આપણને શીખવે છે કે આપણે સ્વયંને સાવધાનીથી અને સ્પષ્ટતાથી વ્યક્ત કરીએ. જ્યારે આપણા સંવાદમાં અને વ્યવહારમાં સ્પષ્ટતા હોય છે ત્યારે આપણે વદાન્યતાને પ્રગટ કરીએ છીએ.

વદાન્યતા, શબ્દોના માધ્યમ દ્વારા ભગવાનની ઉદારતા અને તેમના સ્નેહને પ્રતિબિંબિત કરે છે. તે આપણને ભદ્રતાથી બોલવા માટે માર્ગદર્શિત કરે છે. ભદ્રતાથી બોલવાનો અર્થ એ નથી કે આપણે જૂઠી, ‘‘મીઠી-મીઠી વાતો’’માં લિપ્ત રહીએ. જ્યારે આપણે સન્માનપૂર્વક છતાં પ્રામાણિકતાથી પોતાની વાત કહીએ છીએ ત્યારે આપણે ભદ્રતાથી બોલી રહ્યાં હોઈએ છીએ. જ્યારે આપણી અંદર સામંજસ્યતા અને સ્પષ્ટતા હોય છે ત્યારે આપણે વાકપટુતાથી બોલી રહ્યાં હોઈએ છીએ. જ્યારે આપણા શબ્દો પાછળનો ઉદ્દેશ્ય બીજાંઓને સહાય કરવાનો હોય છે ત્યારે આપણે મધુરતાથી બોલી રહ્યાં હોઈએ છીએ. જ્યારે આપણે સમજી-વિચારીને આપણા શબ્દોને પસંદ કરીને બોલીએ છીએ ત્યારે વદાન્યતા સર્વાધિક તેજસ્વિતાથી ચમકી ઊઠે છે.

***

*વદાન્યતા છે, ઉદારતા, ભલાઈ અને પરોપકારિતા.*
*વદાન્યતા છે, મિત્રતા અને સૌજન્યતા.*
*વદાન્યતા છે, વાકપટુતા અને ભદ્રતાથી બોલવું.*

હું તમને વદાન્યતાના આ બધા રસને ધ્યાનથી જોવા માટે આમંત્રિત કરું છું. જો તમે તમારી આસપાસ નજર કરશો તો તમે જોશો કે આ ઉત્કૃષ્ટ સદ્‌ગુણ જડ-ચેતન, બધાંમાંથી પ્રસરિત થઈ રહ્યો છે. મારી દૃઢ આસ્થા છે કે વદાન્યતાના આ સદ્‌ગુણને આપણી સમક્ષ પ્રગટ કરીને, જન્મદિવસની ભેટસ્વરૂપ તેને પ્રદાન કરીને, ગુરુમાઈજી એ વાત પર ભાર આપી રહ્યાં છે કે — આપણી સાધનામાં કોઈપણ સમયે અને વિશેષતઃ આ મુશ્કેલીભર્યાં, અનિશ્ચિતતાના સમયે — આપણે આ સદ્‌ગુણનું સતર્કતા સાથે રક્ષણ કરવું જોઈએ, તેનો અભ્યાસ કરવો જોઈએ અને તેનું મૂર્તરૂપ બનવું જોઈએ કારણકે તે આપણા પોતાના જીવનમાં તેમજ બીજાંઓના જીવનમાં પણ એક દૃઢ આશ્રય તરીકે કાર્ય કરશે.

વદાન્યતાનો બોધ આપણને એ દૃષ્ટિ પ્રદાન કરશે જે ભારતના ઋષિમુનિઓની દૃષ્ટિ હતી અને જેનું જ્ઞાન તેમણે તેમના શિષ્યોને પ્રદાન કર્યુ હતું. આ દિવ્ય પ્રેરણાદાયી દૃષ્ટિને સમજાવતા વસિષ્ઠ મુનિ કહે છે :

**સમદૃષ્ટિરુદારાત્મા વદાન્યઃ સંવિભાગવાન્ ।**
**પેશલસ્નિગ્ધમધુરઃ સુન્દરઃ પુણ્યકીર્તનઃ ।।**

જ્ઞાની પુરુષોની સમદૃષ્ટિ હોય છે,
અને તેઓ વિશાળહૃદયી, ઉદાર અને પરોપકારી હોય છે.
તેઓ શાંત, પ્રેમાળ હોય છે,
તેમની વાણીમાં ભદ્રતા હોય છે,
અને તેમનું રૂપ સુંદર હોય છે.
તેઓ સાચા અર્થમાં પોતાનાં પુણ્યકર્મો માટે પ્રસિદ્ધ હોય છે.[3]

કેટલી સુંદર વાત છે, હે ને? શું કલ્પના કરવા માટે, પ્રયત્ન કરવા માટે અને તેને અનુરૂપ જીવન જીવવા માટે આ એક અદ્ભુત લક્ષ્ય નથી?

હું દઢતાથી માનું છું કે જ્યારે ગુરુમાઈજી આપણને કંઈક પ્રદાન કરે છે ત્યારે તેઓ જે પ્રદાન કરી રહ્યાં છે તેને અનુભવ કરવાની આપણી ક્ષમતા પર તેમને પૂર્ણ વિશ્વાસ હોય છે. એટલા માટે, હું તમને એ જાણવા માટે પ્રોત્સાહિત કરું છું કે તમારી અંદર વદાન્યતાનો સદ્ગુણ *નિશ્ચિતપણે* છે. તમને કદાચ ખબર ન હોય કે તમારા અંતરમાં નિહિત આ વિસ્મયકારી ગુણોનું વર્ણન કેવી રીતે કરવું, પણ હવે તમે એ જાણો છો.

## વદાન્યતા માટે અભિકથન

હું વદાન્યતાના વિવિધ રંગોથી ઓતપ્રોત છું.

(અભિકથન : એ કથન જેનું જાગરૂકતાથી વારંવાર ઉચ્ચારણ કરવામાં આવે છે જેથી તે આપણી ચેતનામાં ફેલાઈ જાય.)

[૧] સુભાષિત; અંગ્રેજી ભાષાંતર © એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન ૨૦૨૧.

[૨] ભર્તૃહરિ, નીતિશતકમ્ ૬૮; અંગ્રેજી ભાષાંતર © એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન ૨૦૨૧.

[૩] યોગવશિષ્ઠ ૭.૧૭૦.૩૪; અંગ્રેજી ભાષાંતર © એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન ૨૦૨૧.

© ૨૦૨૧ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.